www.kamalamgujarat.com

Sunday
18.10.2020

✳Volume :5 ✳ Issue No. 62

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ગ્રાન્ડ ચેલેન્જીસ ૨૦૨૦ની વાર્ષિક બેઠકના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય સંબોધન કરશે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૯ ઓક્ટોબરના રોજ સાંજે ૭:૩૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગ્રાન્ડ ચેલેન્જીસ ૨૦૨૦ની વાર્ષિક સભાના ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય સંબોધન કરશે. છેલ્લા ૧૫ વર્ષથી ગ્રાન્ડ ચેલેન્જીસ વાર્ષિક સભાએ આરોગ્ય અને વિકાસના સૌથી મોટા પડકારોને પહોંચી વળવા આંતરરાષ્ટ્રીય નવીન સહયોગને પ્રોત્સાહન આપ્યું છે. ગ્રાન્ડ ચેલેન્જીસ ૨૦૨૦ની વાર્ષિક બેઠક ૧૯ થી ૨૧ ઓક્ટોબર સુધી વર્ચ્યુઅલ રીતે યોજવામાં આવી છે, જેમાં નીતિ નિર્માતાઓ અને વૈજ્ઞાનિક નેતાઓને એકઠા કરવામાં આવશે, વૈશ્વિક આરોગ્ય સમસ્યાઓના નિરાકરણમાં ઘનિષ્ઠ વૈજ્ઞાનિક સહયોગની હાકલ કરવામાં આવશે, જેમાં "ભારત માટે વિશ્વ" ની રચના સાથે કોવિડ-૧૯ અંગે મુખ્ય ભાર મૂકવામાં આવશે. વિશ્વવ્યાપી નેતાઓ, જાણીતા વૈજ્ઞાનિકો અને સંશોધનકારો રોગચાળા પછીના વિશ્વમાં ટકાઉ વિકાસ લક્ષ્યોમાં પ્રગતિને વેગ આપવા માટે ની મહત્ત્વની ચર્ચા કરવા અને કોવિડ-૧૯ વ્યવસ્થાપન અંગેના પડકારોને દૂર કરવા વિસ્તૃત ચર્ચા કરવા આ વાર્ષિક બેઠકમાં જોડાશે.આ ત્રિદિવસીય કાર્યક્રમ માં રોગચાળા સામે લડવા, રોગચાળાને લગતા સંચાલન અને વૈશ્વિક ઉકેલોના વિકાસ અને અમલીકરણને લગતા વિષયો પર નેતાઓની વાટાઘાટો, પેનલ ચર્ચાઓઅનેવર્ચ્યુઅલ અનૌપચારિક વાતચીત કરવામાં આવશે, જે આના પછી આવનારા પડકારોને પણ પહોંચી વળશે. આ વાર્ષિક બેઠકમાં ૪૦ દેશોના આશરે ૧૬૦૦ લોકો ભાગ લેશે. ગ્રાન્ડ ચેલેન્જીસ ૨૦૨૦ની વાર્ષિક બેઠકની સહ યજમાની બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન, બાયોટેકનો લાંજ વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, ભારત સરકાર, ભારતીય તબીબી સંશોધન પરિષદ અને નીતિ આયોગ, ગ્રાન્ડ ચેલેન્જીસ કેનેડા, આંતરરાષ્ટ્રીય વિકાસ અને વેલકમ માટે યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી દ્વારા સાથે મળીને કરવામાં આવી રહી છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ભૂ-વિજ્ઞાન મંત્રી ડો. હર્ષ વર્ધન પ્રારંભિક ઉદબોધન કરશે. શ્રી બિલ ગેટ્સ, બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના સહ અધ્યક્ષ પૂર્ણ રચનાત્મક વાતચીત રજૂ કરશે. ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગ અને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની ભાગીદારી રૂપે, ૨૦૧૨માં ગ્રાન્ડ ચેલેન્જીસ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી અને વેલકમ પણ આ ભાગીદારીમાં જોડાયું હતું. ગ્રાન્ડ ચેલેંજીસ ઈન્ડિયા કૃષિ, પોષણ, સ્વચ્છતા, માતૃત્વ અને બાળ સ્વાસ્થ્ય તથા ચેપી રોગો સુધીની વિવિધ આરોગ્ય અને વિકાસલક્ષી શ્રેણીઓમાં કામ કરે છે.

પ્રધાનમંત્રીએ લોકોને નવરાત્રીના પ્રથમ દિવસે શુભેચ્છા પાઠવી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવરાત્રી પર્વની શરૂઆતમાં લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "નવરાત્રીના પ્રથમ દિવસે મા શૈલપુત્રીને પ્રણામ. તેમના આશીર્વાદથી સમગ્ર વિશ્વ સલામત, સ્વસ્થ અને સમૃદ્ધ રહે. તેમના આશીર્વાદથી આપણને ગરીબ અને વંચિતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની શક્તિ મળે."

કમલમ દૈનિક,

ભુજ મધ્યે પધારેલા ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી માન્ શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબનું કચ્છી શાલ ઓઢાડીને સન્માન કરતા અને કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટ નિવારવા અંગે પત્ર આપી રજુઆત કરતા પુર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા સાહેબપત્રના પ્રત્યુત્તરમાં માન્ શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં સાહેબે દિવાળી બાદ કચ્છ જિલ્લામાં પ્રવાસી શિક્ષક યોજના શરૂ કરવાની ખાત્રી આપી હતી આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી કેયુ પટેલ સાહેબ અને કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે

જોઈએ છે

કમલમ દૈનિક

રાજકોટ માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર
ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર કમલમ દૈનિક તેમજ કમલમ મેગેઝિન






રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

www.kamalamgujarat.com

રાજ્યમાં ચાલીસ દિવસની અવિરત યાત્રાના છેલ્લા પડાવમાં લોકોને કોવિડ સાવચેતીના શપથ લેવડાવી રહ્યા છે પાંચ કોવિડ વિજય રથ



કમલમ દૈનિક,

રાજ્યના તમામ નાગરિકો સુધી કોરોના જાગૃતિ સંદેશ, સરકારની વિવિધ પહેલો તથા મહિલા અને બાળકોમાં પોષણના મહત્વ વિશે સચોટ અને સરળ માહિતી પહોંચાડવા માટે ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ૪૪ દિવસનું કોવિડ વિજય રથ જાગૃતિ અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. 'સાવચેતીને સંગ, જીતીશું જંગ' એ નારા સાથે આજે ચાલીસમાં દિવસે સતત નાગરિકોને માસ્ક બરાબર રીતે પહેરવો, સાબુથી હાથ વારંવાર ધોવા અને ૬ ફૂટના સામાજિક અંતરનું પાલન કરવું એ ત્રણ મુખ્ય બાબતો વિશે જાગૃત કરી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ઓગણચાલીસ દિવસથી ભ્રમણ કરી રહેલા પાંચ કોવિડ વિજય રથ દ્વારા લોકોમાં આશરે ૮૨,૦૦૦ નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા (જામ ખંભાળિયા) તાલુકાના કુવાડીયા ગામથી રથે પ્રસ્થાન કર્યું હતું. હર્ષદપુર ગામ, હરીપર ગામ, ગેબનશા પીર દરગાહ, સાલયા ગામ વગેરે વિસ્તારોમાં ૬૭ કિલોમીટરનું રથે ભ્રમણ કર્યું હતું. કલાકારોએ વિવિધ કળા નિદર્શન દ્વારા લોકોને સરકારની વિવિધ પહેલ અંગે માહિતગાર કર્યા અને કોરોના સાવચેતી અંગે જાગૃત કર્યા, તેમજ લોકોને કોરોના જાગૃતિ શપથ પણ લેવડાવ્યા હતા. આ સાથે જ લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું. પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકા ખાતેથી કોવિડ વિજય રથે પ્રસ્થાન કર્યું હતું. કુતિયાણાની તાલુકા આરોગ્ય કચેરી (બ્લોક હેલ્થ ઑફિસ) ખાતેથી તાલુકા આરોગ્ય અધિકારી ડો. અર્જુન સિંહ બાબરીયા દ્વારા લીલીઝંડી આપી રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા આરોગ્ય કચેરીના અધિકારી તેમજ કર્મચારીગણ અને કુતિયાણાના નગરજનોની ઉપસ્થિતિ રહી. ઉપસ્થિત સૌ કોઈએ કોરોના મહામારી સામેના આંદોલનમાં જોડાવવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર દિવસ દરમિયાન રથ પર સવાર કલાકારોએ તમામ નાગરિકો પાસે કોવિડ જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. તાલુકા આરોગ્ય કચેરી કેમ્પસ, પોસ્ટ ઓફિસ પાસે, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક પાસે, કુતિયાણાની મુખ્ય બજારનો વિસ્તાર, ટાવર ચોક, મામલતદાર કચેરી પાસે, કસ્ટમ ચોક પાસે, એસટી બસ સ્ટેન્ડ પાસે તેમજ સ્વામિનારાયણ મંદિર પાસેના વિસ્તાર વગેરે વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. દિવસના અંતે સાંજે ૪ વાગે પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકા ખાતે રોકાણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું તેમજ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આજે રથે આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાના અલારસા બસ સ્ટેશનથી રથે પ્રસ્થાન કર્યું હતું. અલારસા ગામના સરપંચ શ્રી અશોકે લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે અલારસા ગામ, નિસારયા ગામ, વેરા ગામ, કાવિઠા ગામ, પામોલ ગામ વગેરે ગામોમાં ૪૭ કિલોમીટરનું ભ્રમણ કરીને કોરોના અંગે, પોષણના મહત્વ વિશે તેમજ પાંચ વર્ષ સુધીના બાળકોમાં રસીકરણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આ ઉપરાંત રથ પર સવાર કલાકારોએ સમગ્ર દિવસ દરમિયાન સ્થાનિકોને કોરોના જાગૃતિના શપથ લેવડાવ્યા હતા. આજે ચાલીસમા દિવસે કોવિડ વિજય રથને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા આરોગ્ય કેન્દ્ર ખાતેથી તાલુકા આરોગ્ય અધિકારી ડો. હર્ષદ પ્રજાપતિએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. કલોલ તાલુકાના આજુબાજુના વિસ્તારોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. આજે રથે સુરત જિલ્લાના મહુવા તાલુકાના કરચેલીયા ગામથી પ્રસ્થાન કર્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નર્સ ચેતનાબહેને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે કરચેલીયા ગામ, �ુંગરી ગામ, બારતાડ ગામ, શેખપુર ગામ વગેરે વિસ્તારોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. આજે રથે આણંદ જિલ્લામાં પ્રસ્થાન કરાયું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે કરચેલીયા ગામ, ઉંગરી ગામ, બારતાડ ગામ, શેખપુર ગામ વગેરે વિસ્તારોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. કોવિડ વિજય રથ તેના અંતિમ તબક્કામાં જનઆંદોલનને કેન્દ્રમાં રાખીને જન-જન સુધી કોવિડ વિજય રથ સાવચેતી, સલામતી અને જાગૃતિના શપથ લેવડાવી રહ્યા છે, સાથે જ સૌનું સ્વાસ્થ્ય સલામત રહે એની કાળજી પણ લઈ રહ્યા છે. બાકીના ૪ દિવસ પણ આજ રીતે લોકસેવા અને લોકજાગૃતિના પંથે અગ્રેસર રહેશે.

પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સાથે રાજ્યના કેટલાક ભાગોમાં પૂર અને ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ અંગે વાતચીત કરી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે સાથે રાજ્યના કેટલાક ભાગોમાં પૂર અને ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ અંગે વાતચીત કરી હતી.પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેજી સાથે રાજ્યના કેટલાક ભાગોમાં પૂર અને ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે વાત કરી હતી. મારી સંવેદના અને પ્રાર્થનાઓ તે અસરગ્રસ્ત બહેનો અને ભાઈઓ સાથે છે. ચાલી રહેલા બચાવ અને રાહત કાર્યમાં કેન્દ્રના સમર્થન આંગે ફરીવાર બાહેધરી આપી છે."

તંત્રી સ્થાનેથી.....

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર શ્રી આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડાં. એસ. બી. શાહની રાહબરીમાં અમથાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વેલણવાડા હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ખાતે ડાં. નરેન્દ્ર ગોસાઇ, ડાં. નિયતી પટેલ અને સીએચએો હિમાંશુ પ્રજાપતિ તથા તેમની આરોગ્ય ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે તા.૧૫મીના રોજ રક્તદાન કેમ્પ યોજાઈ ગયો.વેલણવાડા ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૪૦ રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રક્તદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રક્તદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને ટિશાનિર્દેશોનો સાથે કરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર શ્રી બિરેન્દ્રસીંગે રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યું હતું. સાથે આ રક્તદાન કેમ્પમાં રક્તદાન કરનાર દરેક રક્તદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ રક્તદાન કેમ્પ દરમિયાન રક્તદાતાઓને માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વજનોની રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષની ઉપચાર પધ્ધતિઓ અપનાવવા અને યોગ-વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

જૂનાગઢ જિલ્લા શૈક્ષણિક પરિવાર દ્વારા યોજાયેલ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૭૫ શિક્ષકોએ કર્યું રક્તદાન

કમલમ દૈનિક, જૂનાગઢ

શૈક્ષણિક પરિવાર જૂનાગઢ દ્વારા પ્રેમાનંદ સ્કુલ ખાતે આજે યોજાયેલ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૭૫ શિક્ષકોએ રક્તદાન કર્યું હતું. રક્તદાન શ્રેષ્ઠદાન છે તેમ આ પ્રસંગે જણાવી જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી અને જિલ્લા વિકાસ અધિકારી પ્રવિણ ચૌધરીએ પણ રક્તદાન કરી સૌના રાહબર બન્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી કચેરી, શાળા સંચાલકો અને શૈક્ષણિક સંઘોના સહયોગથી આયોજીત આ રક્તદાન કેમ્પ શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવની પ્રેરણાથી યોજવામાં આવ્યો હતો. રક્તદાન કેમ્પના સ્થળે શિક્ષકો ઉત્સાહપૂર્વક આ માનવતાના કાર્યમાં સહભાગી થયા હતા. આ અગાઉ કેશોદ અને ભેંસાણ ખાતે પણ શિક્ષકો દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કોરોના મહામારીના સંજોગોમાં થેલેસેમીયા દર્દીઓ તથા હોસ્પિટલોમાં બ્લડ પુરતા પ્રમાણમાં મળી રહે તેવા ઉમદા આશયથી આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમ જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ.ઉપાધ્યાય અને પ્રા.જિલ્લા શિક્ષણાધિકારી આર.જી.જેઠવાએ જણાવ્યું હતું. સરકારી બ્લડ બેંક માટે આયોજીત આ કેમ્પમાં સિવીલ હોસ્પિટલ જૂનાગઢની ટીમ તથા જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બ્લડ ડોનેશન માટે સેવાઓ આપવામાં આવી હતી. સવારથી જ શિક્ષકો બ્લડ ડોનેશન માટે નોંધણી કરાવી રક્તદાન માટે ઉત્સાહી હતા. આ પ્રસંગે શાળા સંચાલકો જી.પી.કાટી, જી.બી.પંડ્યા, ચેતન શાહ, હેતલ રામાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મહિલા શિક્ષકોએ પણ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. કેમ્પને સફળ બનાવવા શૈક્ષણિક સંઘના હોદેદારો ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ સહયોગી થયા હતા.

ક્વાંટ તાલુકાના વિજળી ગામે મશરૂમની ખેતી વિષયક સેમિનાર અને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ દૈનિક, છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં આવેલા વિજળી ગામે જિલ્લા પંચાયત, છોટાઉદેપુર અને નાયબ બાગાયત નિયામકની કચેરી, છોટાઉદેપુરના સંયુકત ઉપક્રમે જિલ્લા વિકાસ અધિકારી

મિહિરભાઈ પટેલની અધ્યક્ષતામાં મશરૂમની ખેતી વિષયક સેમિનાર અને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

ખેડૂતોની આવક બમણી થાય એ માટે ખેડૂતો આધુનિક ખેતી તરફ વળે અને ખેડૂતો મશરૂમની ખેતી કરી પૂરક રોજગારી મેળવે એ માટે ખેડૂતોને મશરૂમની ખેતી વિષયક માર્ગદર્શન આપવા તથા જે ખેડૂતો મશરૂમની ખેતી કરવા માંગે છે તેમને કીટ વિતરણ કરવાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપતા જિલ્લા વિકાસ અધિકારી મિહિરભાઈ પટેલે આધુનિક ખેતી કરવાના ફાયદાઓ અને ખેતીની સાથે અન્ય પૂરક વ્યવસાય કરી આવક મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિષય નિષ્ણાંત વિનયભાઈ પટેલે ઉપસ્થિત ખેડૂતોને મશરૂમની ખેતી તથા મશરૂમની ખેતી કરી વધારાની આવક કઈ રીતે મેળવી શકાય એ અંગે વિગતે માર્ગદર્શન આપ્યું હતું. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી થાય એ માટે અને કવિધ કૃષિ વિષયક યોજનાઓ અમલમાં મુકી છે. ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના આ પ્રયાસોના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતોને પણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. મશરૂમની ખેતી વિષયક સેમિનારમાં જિલ્લા ખેતીવાડી અધિકારી સંજયભાઈ ભગરિયા, નાયબ બાગાયત નિયામક કૃણાલભાઈ પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડાં. ભરતભાઈ મહેતા, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.એન.પટેલ, બાગાયત, ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટના અધિકારી/કર્મચારીઓ અને ખેડૂતો તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૮૧-ડપરાડા (અ.જ.જા) વિધાનસભાની પેટા ચૂંટણી સંદર્ભે એસ.એસ.ટી.ની ટીમો દ્વારા વાહનોનું સઘન ચેકિંગ

કમલમ દૈનિક, વલસાડ,

ગુજરાત વિધાનસભાની ૧૮૧-કપરાડા (અ.જ.જા) મતવિસ્તારની પેટા ચૂંટણી તા.૩/૧૧/૨૦૨૦ના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણી ભારતીય ચૂંટણીપંચની આદર્શ આચારસંહિતા સાથે ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.રાવલના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણીતંત્ર કાર્ય કરી રહ્યું છે. ૧૮૧-કપરાડા વિધાનસભા મત વિસ્તારની આંતરરાજ્ય સહિતની સરહદો

ઉપર એસ.એસ.ટી.ની ટીમો દ્વારા સતત અને સઘન રીતે વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ટીમ દ્વારા રાત્રિ દરમિયાન પણ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર શ્રી દિનેશ પ્રસાદે ડાંગની ચૂંટણીનો ચિતાર મેળવ્યો

કમલમ દૈનિક, આહવા;

૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિસ્તારની પેટા ચૂંટણી-૨૦૨૦ સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલા જનરલ ઓબ્ઝર્વર શ્રી દિનેશ પ્રસાદે જિલ્લાના ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરો સાથે બેઠક યોજીને, ન્યાયી અને પારદર્શી ચૂંટણી કામગીરી માટે સૌને ચોકસાઈ સાથે તેમની કામગીરી હાથ ધરવાનો અનુરોધ કર્યો હતો. ચૂંટણીલક્ષી કામગીરીમા ખુબ જ ચોકસાઈ અને સમયબદ્ધતા અનિવાર્ય છે તેમ જણાવતા શ્રી પ્રસાદે શિસ્તબદ્ધ આયોજન અને પરસ્પર સંકલન સાથે દરેક અધિકારીઓ તેમની જવાબદારી અદા કરે તે ઇચ્છનીય છે તેમ જણાવ્યું હતું. ડાંગ જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા કરવામા આવેલી તૈયારીઓની જાતમાહિતી મેળવતા ઓબ્ઝર્વર શ્રી દિનેશ પ્રસાદે ટીમ ડાંગની તૈયારીઓ જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમને ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા સૌ અધિકારી/કર્મચારીઓને શ્રેષ્ઠ પ્રદાન કરવાની હિમાયત કરી શુભકામનાઓ પણ પાઠવી હતી. જિલ્લા સેવા સદન ખાતે આયોજિત ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન સાંપ્રત કોવિદ-૧૯ ની પરિસ્થિતિ ધ્યાને લેતા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન "કોરોના" સામે રાખવાની સાવચેતી બાબતે ખુબ જ જાગૃતિ દાખવવાની આવશ્યકતા ઉપર ભાર મુકત ઓબ્ઝર્વરશ્રીએ મતદાન મથકો ઉપર મેડીકલ ટીમની ભૂમિકા અંગે પણ વિગતો મેળવી ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટર શ્રી એન.કે.ડામોરે ચૂંટણી કામગીરીમાં રીપોર્ટીંગ નિયત સમય મર્યાદામા થાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી, ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારી/કર્મચારીઓને તેમની કામગીરીની આગોતરી તૈયારીઓ કરી લેવાની અપીલ કરી હતી. જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.વિ.પટેલે જિલ્લાના ચૂંટણી ચિત્રનો ખ્યાલ આપ્યો હતો. નિવાસી અધિક કલેકટર શ્રી ટી.કે.ડામોરે પુરક વિગતો રજુ કરી હતી. બેઠકમા ખર્ચના નોડલ-વ-જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા તથા કાયદો-વ્યવસ્થાના નોડલ-વ-જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવીરાજસિંહજી જાડેજાએ ચર્ચામાં ભાગ લીધો હતો. ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ જુદી જુદી સમિતિઓના નોડલ ઓફિસરોએ તેમની કામગીરીથી સૌને અવગત કરાવ્યા હતા.

કપરાડા તાલુકામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વીવીપેટ નિદર્શન કરાયું

કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લામાં ૧૮૧-કપરાડા (અ.જ.જા) વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી દરમિયાન મતદારના દિવસે ઈ.વી.એમ.ની સાથે મતદારે કયા ઉમેદવારને મત આપ્યો તે જોઈ શકે તે હેતુસર વીવીપેટનો ઉપયોગ પણ કરાશે. મતદાન પ્રક્રિયાની જાણકારી જિલ્લાના દરેક મતદારને મળે તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.રાવલની રાહબરી હેઠળ ઝુંબેશના રૂપમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ઈ.વી.એચ.-વીવીપેટના નિદર્શનો કરવામાં આવી રહ્યાં છે. જેનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. કપરાડા મતવિસ્તારમાં આવેલા

વિવિધ બુથોમાં કરાયેલા વીવીપેટ અને ઈ.વી.એમ. નિદર્શન અવસરે ગ્રામજનો પાસે મોકપોલ કરાવી પ્રત્યક્ષ નિદર્શન થકી મતદાન પ્રક્રિયા અંગે જાણકારી આપવાની સાથે તા. ૩જી નવેમ્બર, ૨૦૨૦ના રોજ યોજાનારા મતદાનમાં સૌ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવો અનુરોધ પણ કરાયો હતો.

નવરાત્રિ હસ્તકલા પ્રદર્શન-સહ વેચાણનો દ્વારકેશ ગ્રાઉન્ડ ખાતે પ્રારંભ કરાવતા જિલ્લા કલેક્ટર શ્રી આર. જી. ગોહિલ

આણંદની હસ્તકલા પ્રેમી જનતાએ હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહિત કરવા પ્રદર્શન-સહ-વેચાણની મુલાકાત લેવી જોઈએ

કમલમ દૈનિક, આણંદ

રાજયના ભવ્ય, ભાતીગળ અને વૈવિધ્યપૂર્ણ કલા વારસાને ઉજાગર કરવા આણંદના વિદ્યાનગર રોડ પર બિગ બજાર પાસે આવેલ દ્વારકેશ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિ હસ્તકલા પ્રદર્શન-સહ-વેચાણ પ્રદર્શનને જિલ્લા કલેકટર શ્રી આર. જી. ગોહિલે ખૂલ્લો મૂકીને ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ શપથ અભિયાનને ધ્યાનમાં રાખીને અહીંના તમામ કારીગરો અને ઉપસ્થિત લોકોને કોવીડ-૧૯ અંગેની શપથ પણ લેવડાવવામાં આવી હતી. શ્રી ગોહિલે કોવિડ મહામારી અને તેના કારણે લાગુ કરવામાં આવેલ લોકડાઉનમાં રાજયના આ ક્ષેત્રના કારીગરોના ધંધા-રોજગાર મંદ પડયા હોય ત્યારે આવા કારીગરો રોજગારી મેળવી આત્મનિર્ભર થઈ શકે તે માટે આણંદની હસ્તકલા પ્રેમી જનતાને હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહિત કરવા પ્રદર્શન-સહ-વેચાણની મુલાકાત લેવા જણાવ્યું હતું. ગુજરાત રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ ઈન્ડેક્ટ-સી દ્વારા આયોજીત આ પ્રદર્શન-સહ વેચાણ કેન્દ્ર આ ક્ષેત્રના કારીગરોને આત્મનિર્ભરતા તરફ લઈ જવાના ભાગરૂપે તેઓ રોજગારી મેળવી આત્મનિર્ભર થઈ રાબેતા મુજબના જીવનપંથે આગળ વધી શકે તેવા આશયથી સરકારશ્રીની અનલોક-૫(પાંચ)ના તમામ નિયમોના પાલન સાથે આ નવરાત્રિ હસ્તકલા પ્રદર્શન-સહ-વેચાણનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં રાજયના વિવિધ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના હાથશાળ, હસ્તકલા, માટીકામ, ચર્મોદ્યોગ અને કુટિર ઉદ્યોગના ૬૦થી વધુ કારીગરો દ્વારા પ્રદર્શન-સહ-વેચાણ કરવામાં આવનાર છે. આણંદની હસ્તળકલા પ્રેમી જનતા આ મેળાની મુલાકાત તા.૨૧મી ઓકટોબર સુધી બપોરે ૧.૦૦ થી રાત્રીનાં ૯.૦૦ કલાક સુધી લઈ શકશે.આ મેળાનું ઈન્ડેક્ટ-સી, ગાંધીનગર સાથે જોડાયેલ વ્યકિતગત કારીગરો/હસ્તકલા-હાથશાળ મંડળીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વસહાય જુથો, સખી મંડળો અને કલસ્ટર્સના કારીગરોને સીધું બજાર પૂરું પાડવા આયોજન કરવામાં આવે છે. આ મેળામાં કારીગરો દ્વારા ભાતીગળ હાથશાળ-હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓ, ભરતકામ, વાંસના રમકડાં, પેચવર્ક, ઈમીટેશન જવેલરી, લેધર વર્ક, અકીકની આઈટમો, વુડન વોલપીસ, ગૃહઉદ્યોગ, માટીની ચીજવસ્તુઓ જેવી કે, ફલાવર પોટ, માટીના ઘરેણા વિગેરે સાથે બીજી ઘણી બધી ચીજવસ્તુઓ કારીગરો પાસેથી સીધી નિહાળી ખરીદી માટેનો અવસર આ પ્રદર્શન-સહ-વેચાણ પુરો પાડે છે. આ સમગ્ર મેળાનું આયોજન ઈન્ડેક્ટ-સીના કાર્યવાહકનિયામકશ્રીડી.એમ.શુકલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.આ પ્રસંગે ઈન્ડેક્ટ-સીના મેનેજર શ્રી આર.આર.જાદવ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આણંદના જનરલ મેનેજર સુશ્રી તન્વી પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આણંદની કલાપ્રેમી જનતાને આ નવરાત્રિ હસ્તકલા પ્રદર્શન-સહ-વેચાણની મુલાકાત લઈને કારીગરોને પ્રોત્સાહિત કરવા અને કારીગરો પાસેથી ખરીદીની સુવર્ણતક ઝડપી લેવા કાર્યવાહક નિયામકશ્રી ડી.એમ.શુકલએ અનુરોધ કર્યો હતો.

અમદાવાદ જીલ્લાના માંડલ ખાતે વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરવામાં આવી– વાનગી સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું અને વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા

કમલમ દૈનિક, વિરમગામ

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ખોરાક અને પોષણ વિભાગ તરફથી વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી માંડલ તાલુકામાં કરવામાં આવી હતી. જેમાં ખોરાક અને પોષણ વિભાગના કાર્યાલય પ્રભારી અધિકારી રાકેશભાઈ પરમાર, તેમના સહયોગી અને માંડલ તાલુકાના સી.ડી.પી.ઓ મીતાબેન જાની દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં વાનગી સ્પર્ધા અને પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. દરેક લાભાર્થીઓને પોષણ આહાર પોસ્ટર આપવામાં આવ્યા હતા. ''સહી પોષણ દેશ રોશન'' ના નારા સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતુ. માંડલ તાલુકામાં વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી નિમિત્તે ફોરેસ્ટ વિભાગ દ્વારા વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં માંડલ ઘટકની ચાર આંગણવાડીમાં આંગણવાડી દીઠ ૧૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં આંબળા, સરગવો ભીંડો, મીઠો લીંબડો, જામફળ, ગવાર, ચોળી વગેરે જેવા પોષણ તત્વ યુક્ત ફળ,શાકભાજી રોપા આપવામાં આવ્યા છે તેમ માંડલ તાલુકાના સી.ડી.પી.ઓ મીતાબેન જાનીએ જણાવ્યુ હતુ.

ટ્રાન્સપોર્ટ વાહનો માટે નેશનલ પરમીટ રીન્યુઅલ અને રીન્યુઅલ ઓફ નેશનલ પરમીટ ઓથોરાઈઝેશનની પ્રકીયા ફેસલેસ કરાઈ

કમલમ દૈનિક,

રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસને પ્રોત્સાહન આપવાના હેતુસર ટ્રાન્સપોર્ટ વાહનોના કિસ્સામાં નેશનલ પરમીટ, રીન્યુઅલ ઓફ નેશનલ પરમીટ તથા રીન્યુઅલ ઓફ નેશનલ પરમીટ ઓથોરાઈઝેશનની પ્રકીયા ફેસલેસ કરવામાં આવી છે એમ વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીની યાદીમાં જણાવાયું છે. આ ત્રણેય સેવાઓ લેવા માટે અરજદારે જરૂરી આધાર પુરાવા સાથે **parivahan.gov.in** પર પરમીટ સંબધી અરજી કરી ઓનલાઈન ફી અને જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોક કરવાના રહેશે. ત્યાર બાદ આરટીઓ કક્ષાએ વેરીફીકેશન થયા બાદ અરજદારે નેશનલ પરમીટ પોર્ટલ પર ફી ભરવાની રહેશે. ત્યારબાદ આરટીઓ કક્ષાએ અરજીનું ફાઈનલ એપ્રુવલ આપવામાં આવશે. ફાઈનલ એપ્રુવલ થયા બાદ વાહન માલિક ઓનલાઈન **parivahan.gov.in** પરથી પરમીટ/ઓથોરાઈઝેશનની પ્રિન્ટ કાઢી શકાશે એમ વધુમાં જણાવાયું છે.

ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડમાં ચેરમેન-વાઈસ ચેરમેન સહિત પાંચ સભ્યોની નિયુક્તિ કરતા મુખ્યમંત્રીશ્રી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સંસ્કૃત શિક્ષણના વ્યાપક પ્રસાર માટે કાર્યરત ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ સભ્યોની બિનસરકારી સભ્યો તરીકે નિમણૂંક કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ બોર્ડના ચેરમેન તરીકે સંસ્કૃત વિદ્વાન અને નિવૃત્ત આચાર્ય સુરેન્દ્રનગરના શ્રી જયશંકર રાવલની તેમજ વાઈસ ચેરમેન તરીકે પેટલાદની શ્રી રાજકીયા સંસ્કૃત પાઠશાળાના આચાર્ય તેમજ સંસ્કૃત વિદ્વાન શ્રી નંદકિશોર મહેતાની નિમણૂંક કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડના અન્ય ૩ બિનસરકારી સભ્યોમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ડૉ. દિપેશ કટિરા, નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના ડૉ. અમૃતલાલ ભોગાયતા અને કિલ્લા પારડી વલસાડના શ્રી રાજેશભાઈ રાણાની નિમણૂંક કરી છે. ગુજરાત સંસ્કૃત



શિક્ષણ બોર્ડના આ તમામ બિનસરકારી સભ્યોની નિમણૂંક ૩ વર્ષ માટે કરવામાં આવી છે.

જુગાર રેડમાં પોલીસે પૈસા ગજવા માં સેરવ્યા હોવાનો આરોપીની પત્નીનો આક્ષેપ

વાત ચીત ની કલીપ વાઈરલ, ગાંધીનગર સુધી લેખીત રજુઆત

કમલમ દૈનિક, અરવલ્લી

મેઘરજ પોલીસે ૧૩ ઓક્ટોમ્બરે રાત્રીના સુમારે મેઘરજ જુના બસ સ્ટેન્ડ નજીક વખારોની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા શકુનિઓ પર ત્રાટકી હતી જેમાં ૭ જુગારીઓ ઝડપાયા હતા ત્રણ ફરાર થઈ ગયા હતા મેઘરજ પોલીસે રૂ.૩૦૨૯૦/-રોકડા અને આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ સાથે રૂ.૫૨૨૯૦/-નો મુદ્દામાલ જમ કર્યો હતો જુગાર રેડમાં પકડાયેલ ઈકબાલ ચડી પાસેથી પોલીસ કોન્સ્ટેબલે ૨૫ હજાર રૂપિયા કાઢી લઈ સાહેબને આપ્યા હોવાની આરોપીની પત્ની અને કોન્સ્ટેબલ વચ્ચેની વિડીયો કલીપ વાઈરલ થતા ભારે ચકચાર મચી હતી આરોપીની પત્નીએ આ અંગે રેન્જ આઈજી,એસપી અરવલ્લી સહીત ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરી ૨૫ હજાર રૂપિયા પોલીસે ખિસ્સામાં મુક્યા હોવાના આક્ષેપ સાથે લેખિત રજુઆત કરવા તજવીજ હાથધરી હતી આરોપી પત્ની અને પોલીસ કોન્સ્ટેબલની ઓડીયો કલીપ વાઈરલ થતા એસપીએ તપાસના આદેશ આપી દીધા છે મેઘરજ પીએસઆઈ એન.એમ.સોલંકીએ ચાર્જ સંભાળતાની સાથે અસામાજિક તત્વો સામે સખ્ત કાર્યવાહી હાથધરી હતી જુના બસ સ્ટેન્ડ નજીક ૧૩ ઓક્ટોમ્બરે વખારની ખુલ્લી જગ્યામાંથી જુગારીઓ ઝડપી લીધા હતા આરોપી જેમાં ઈકબાલ ચડીની પત્ની અને મેઘરજ પોલીસ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ સાથે વાતચીતની ઓડિયો કલીપ વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે જેમાં મહિલાએ તેના પતિના ખિસ્સામાંથી શોચાલયમાં જઈ ૨૫ હજાર રૂપિયા મુકવા આપ્યા હતા તે ક્યાં ગયા અને આટલો ઓછો કેસ કેમ બનાવ્યો છે સહીતની વાતચીતમાં પોલીસકર્મી સાહેબને આપી દીધા છે કહી રહ્યો છે જે અંગેની ઓડિયો કલીપ વાઈરલ થતા ભારે ચકચાર મચી છે ઓડિયો કલીપ વાઈરલ થતા જુગારધામ પર પડેલ દરોડો હાલ શંકાના દાયરામાં આવી ગયો છે ઓડિયો વાઈરલ થતા એસપી સંજય ખરાતે તપાસના આદેશ આપી દીધા છે બીજીબાજુ ઈકબાલ ચડીની પત્નીએ મેઘરજ પોલીસ અને એક ઈસમ વિરુદ્ધ લેખીત અરજી કરવા તજવીજ હાથધરાતા પોલીસબેડામાં મામલો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે ઈકબાલ ચડીની પત્નીએ એસપી સહીત ઉચ્ચ કક્ષાએ કરેલી લેખિત રજુઆતમાં મેઘરજ પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યા હતા બીજીબાજુ મેઘરજ પીએસઆઈ એન.એમ.સોલંકીની કામગીરીને નગરજનો આવકારી રહ્યા છે

રાજ્યનાં નોડરી વાંચ્છુ ઉમેદવારો આ બનાવટી ભરતીની જાહેરાતનાં પ્રલોભનમાં આવીને છેતરાય નહી તે માટે સાવચેત રહેવા રોજગાર અને તાલીમ કચેરી દ્વારા તાકીદ

કમલમ દૈનિક,

ગુજરાત એમ્પ્લોયમેન્ટ સર્વિસના નામે સરકારી નોકરીની ભરતી સંદર્ભે બનાવટી જાહેરાત પ્રસિદ્ધ કરી રાજ્યના નોકરી વાંચ્છુ ઉમેદવારોને છેતરવાં માટેના પ્રયત્નો થઈ રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને આ સંદર્ભે ઉમેદવારો જોગ જરૂરી સ્પષ્ટતા કરી છે કે આવી કોઈ ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી નથી. રાજ્યનાં નોકરી વાંચ્છુ ઉમેદવારો આ બનાવટી ભરતીની જાહેરાતનાં પ્રલોભનમાં આવીને છેતરાય નહી તે માટે સાવચેત રહેવા પણ રોજગાર અને તાલીમ કચેરી દ્વારા તાકીદ કરવામાં છે. તા.૧૫મી ઓકટોબર-૨૦૨૦ના રોજ વિવિધ દૈનિક વર્તમાનપત્રોમાં **'GUJARAT EMPLOYMENT SERVICES' Sector-21, Gandhinagar** દ્વારા સીધી ભરતી માટેની જાહેરાત શિર્ષક હેઠળ ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થઈ હતી. જેમાં કોવિડ-૧૯ના અનુસંધાને ઘરે બેસીને કરી શકાય તેવી નોકરીઓ માટે ૨૫૨૦ જગ્યાઓ હોવાનો ઉલ્લેખ કરીને તે માટે રૂ. ૩૦૦/- ની ફી સાથે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. રાજ્યના તમામ રોજગાર વાંચ્છુ ઉમેદવારોને આ લોભામણી જાહેરાતના પ્રલોભનમાં ન ફસાઈ, તે અંગે કોઈ પણ પ્રકારની અરજીની પ્રક્રિયા હાથ ન ધરવા અને સાવચેત રહેવા રોજગાર અને તાલીમ કચેરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

૧૧૦ ડિગ્રી વળેલી ખૂંધને પેડીકલ સબસ્ટ્રેક્શન ઓસ્ટીયોટોમી થકી પૂર્વવત કરતા સિવિલ સ્પાઈન તબીબો

ચાર કલાક ચાલેલી રીવીઝન સ્પાઈન સર્જરી બાદ વસંતભાઈ હરતા ફરતા થયા

ડોરોનાકાળમાં અત્યંત જટિલ અને જોખમી ગણાતી ૧૪૬ સ્પાઈન સર્જરી કરવામાં આવી : સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ

કમલમ દૈનિક,

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં રહેતા વસંતભાઈ સોલંકીને દોઢ વર્ષ પહેલા કમરના ભાગમાં વેદના થતા તેઓ હોસ્પિટલમાં તપાસ અર્થે ગયા. તબીબો દ્વારા તેમની તપાસ કરતા કમરના મણકાનો ચેપ હોવાનું જાણવા મળ્યુ હતુ. જે કારણોસર ત્વરાએ તેમની સર્જરી હાથ ધરવામાં આવી.

સર્જરી સફળ થઈ અને વસંતભાઈ પીડામુકત બન્યા. ઓપરેશનના ૬ મહિના બાદ વસંતભાઈને એકાએક હલનચલનમાં તકલીફ પડવા લાગી.

તેમના કમરના ભાગમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો. તેની સાથે ઓપરેશન કરેલા ભાગમાં ખૂંધ નીકળી ગઈ જે કારણોસર તેમને બેસવામાં, ઉંધવામાં ખૂબ જ તકલીફ પડતી. તેઓ દિવસ રાત બેચેન રહેતા હતા. શું કરવું તે ખબર પડી રહી ન હતી. અને વેદના અત્યંત સંવેદનશીલ બની રહી હતી.

આ દરમિયાન તેઓએ ઘણી ખાનગી હોસ્પિટલ અને સરકારી હોસ્પિટલમાં બતાવ્યુ પરંતુ નિદાન શક્ય ન બન્યુ. વસંતભાઈ મણકાના ડોકટર પાસે પણ ગયા ત્યાંના તબીબોએ ઓપરેશન કરવાની ના જ પાડી દીધી. અન્ય એક ખાનગી હોસ્પિટલે ઓપરેશન માટે તૈયારી બતાવી પરંતુ સાજા થવાની ખાતરી ન આપી.

વળી ઓપરેશન વસંતભાઈએ ૪ લાખના ખર્ચે કરાવવાનું હતુ જેથી તેમને પીડામાંથી મુક્તિ મળશે પણ કે નહી તેના પર પ્રશ્નાર્થ હતો.અંતે તેઓ પોતાની પીડામાંથી મુક્તિ મેળવવા એક આશાના કિરણ સાથે સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા. સિવિલના ઓર્થોપેડિક વિભાગના તબીબોએ વસંતભાઈની શારિરીક તપાસ કર્યા બાદ, **X-ray, C.T. સ્કેન થી M.R.I.**ને લગતા તમામ રીપોર્ટ કરાવ્યા. તકલીફની જળ સુધી પહોંચતા માલુમ પડ્યુ કે તેઓને પ્રી જંકસનલ કાયફોસીસ (ઓપરેશનના જે ભાગમાં સ્કુ નાંખ્યા હોય તેના ઉપરના ભાગમાં ખૂંધ નીકળવી) થયુ છે.

આ પ્રકારની તકલીફમાં સર્જરી વખતે ઘણી સાવચેતી રાખવી પડતી હોય છે. આવા પ્રકારના જટીલ ઓપરેશનમાં થોડીક પણ બેદરકારી વર્તવામાં આવે તો અન્ય મણકાના ભાગમાં તકલીફ ઉભી થઈ શકવાની સંભાવના પ્રબળ રહેલી હોય છે.

આ પ્રકારની સર્જરીને રીવીઝન સર્જરી કહેવામાં આવે છે. જેમાં પહેલેથી લગાડવામાં આવેલા સ્કુ કાઢીને ફરી વખત નવા સ્કુ નાખવા પડતા હોય છે જે ખૂબ જ પડકારજનક હોય છે જેને રીવીઝન સ્કુ કહે છે. આ તમામ તકલીફોમાંથી દર્દીને પસાર ન થવું પડે તે માટે સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટ અને ઓર્થોપેડિક વિભાગના વડા ડો.જે.પી. મોદીની ટીમ દ્વારા ન્યુરોમોનીટરીંગ કરી સર્જરી હાથ ધરાઈ. ચાર થી વધુ કલાક ચાલેલી સર્જરી નિપૂણતાપૂર્વક પાર પાડવામાં આવી. આ પ્રકારના ઓપરેશન બાદ દર્દીની હાલત અત્યંત ગંભીર થઈ જવાની પણ શક્યતાઓ રહેલી હોય છે. તેને આ.ઈ.સી.યુ. મેનેજમેન્ટની પણ જરૂર પડતી હોય છે અને દર્દીના જીવનું જોખમ પણ રહેતુ હોય છે આ તમામ પરિસ્થિતિઓને નિપુણતાથી ધ્યાને રાખીને સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને ઓર્થોપેડિક વિભાગના વડા ડો. જે.પી. મોદી કહે છે કે વસંતભાઈની અગાઉની સર્જરી બાદ ૧૧ અને ૧૨ માં મણકામાં ઈનફેકશન થયુ હતુ. જેના કારણે કરોડરજ્જુ ચોંટી ગઈ હતી. જંકશનલ કાયફોસીસ થવાથી ખૂંધ ૧૧૦ ડિગ્રી વળી ગઈ હતી. જેના અંદરનો ભાગ કેક કરીને અગાઉની સર્જરીના સ્કુ કાઢવામાં આવ્યા. આ પ્રકારના ઓપરેશનમાં દર્દીના જીવનું જોખમ પ્રબળ હોય છે જેથી નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા આ સર્જરી હાથ ધરાઈ.

આજે વસંતભાઈ સંપૂર્ણપણે સાજા થઈ ગયા છે અને જલ્દીથી પોતાના ઘરે પરત ફરશે. સિવિલ હોસ્પિટલમાં કોરોનાકાળમાં સ્પાઈનની ડિજનરેટીવ, ડીફોર્મેટીવ, ક્રોમેટીક અને ઈન્ફેકટીવ પ્રકારની રેર અને અત્યંત જટિલ ગણાતી કુલ ૧૪૬ સર્જરીઓ કરવામાં આવી હોવાનું ડો. મોદીએ ઉમેર્યું હતુ. આજના વલ્ડ સ્પાઈન ડે નિમિત્તે આવા પ્રકારની અત્યંત જટીલ ગણાતી સ્પાઈન સર્જરી વિશ્વના તમામ નિષ્ણાંત સ્પાઈન સર્જનને સમર્પિત કરીએ છીએ.

ડેનરા બેંક સાયબર ગઠિયાઓની ભોગ બની :એટીએમમાં મારક્ષ પહેરી પ્રવેશેલ બે ગઠિયા ટેકનિકલ છેડછાડ કરી ૧.૯૭ લાખ સેરવી લીધા

કમલમ દૈનિક, અરવલ્લી

સાયબર ક્રાઈમના કિસ્સાઓ વધ્યા સામે આવી રહ્યાં છે. લોકોને ઉલ્લુ બનાવીને ટોળકીઓ હજારો-લાખો રૂપિયા ઠગી લેતી હોય છે ત્યારે સાયબર ગઠિયાઓ ટેકનોલોજીના સહારે બેંક સાથે જ એટીએમ મારફતે ઠગાઈ કરી લેતા બેંક અધિકારીઓ અને હેડઓફીસ પણ નવા ફોડ્યો ચોકી ઉઠી છે ભિલોડા નગરમાં આવેલી કેનરા બેંકના એટીએમમાં બે ગઠિયાઓ પ્રવેશી એટીએમ જેવું કાર્ડ નાખી દસથી વધુ ટ્રાન્જેકશન કરી ૧.૯૭ લાખ ઉપાડી લેતા બેંક કર્મીઓ અને પોલીસ દોડતી થઈ છે સાયબર ગાઠીયાઓની નવી ટેક્નિકલી એટીએમમાંથી રૂપિયા સેરવી લેવાની મોડ્સ ઓપરેન્ડીસ જોઈ પોલીસ અને બેંક સત્તાવાળાઓ પણ માથું ખંજવાળતા રહી ગયા છે ડેનેરા બેંકના મેનેજરે ભિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસ સહીત એસઓજી પોલીસ પણ સાયબર ગાઠીયાઓને ઝડપી લેવા તપાસ હાથધરી છે. ભિલોડા નગરમાં આવેલી કેનરા બેંકમાં માસ્ક પહેરી પ્રવેશેલા બે સાયબર ગઠિયા ત્રણ દિવસના સમયગાળામાં એટીએમ જેવું કાર્ડ નાખી ૧૮ જેટલા ટ્રાન્જેકશન કરી ૧.૯૭ લાખ ઉપાડી લેતા આ અંગે ભેંગલોર સ્થીત હેડ ઓફિસના અધિકારીઓને ધ્યાને આવતા હેડ ઓફિસથી ભિલોડા કેનરા બેંકના બ્રાન્ચ મેનેજરને ઈ મેઈલ મારફતે જાણ કરી હતી જેમાં એટીએમમાં શંકાસ્પદ ટ્રાન્જેકશન થઈ રહ્યું હોવાની જાણ કરતા મેનેજર સહીત કર્મચારીઓએ એટીએમના સીસીટીવી કેમેરા ચેક કરતા બે શખ્શો માસ્ક પહેરી પ્રવેશી એટીએમમાં કાર્ડ નાખી ટેક્નિકલી છેડછાડ કરી રૂપિયા ઝાકતા હોવાનું જણાઈ આવતા વધુ તપાસ કરતા આ બંને શખ્શોએ ૧૮ વખત ટ્રાન્જેકશન કરી ત્રણ દિવસમાં બેંકના એટીએમ માંથી ૧.૯૭ લાખ રૂપિયા ઉપાડી લીધા હોવાનું જણાતા બ્રાન્ચ મેનેજર સુરજ અશોક કુમાર કુમારે બે અજાણ્યા શખ્સો સામે ૧.૯૭ લાખ રૂપિયા એટીએમમાં ટેકનોલોજી ઉપયોગ કરી ફોડ કર્યાનો ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે બંને શખ્શો સામે ફરિયાદ નોંધી ઝડપી લેવા તજવીજ હાથધરી હતી સાયબર ગાઠીયાઓની મોડ્સ ઓપરેન્ડીસ જોઈ જીલ્લા પોલીસવડા એસપી ખરાતે એસઓજી પોલીસને પણ તપાસમાં જોતરી છે

રાજયના તમામ ગામમાં આધુનિક સુવિધા સભર ગ્રામપંચાયત ઘર નિર્માણની રાજય સરકારની નેમ–ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ દૈનિક, રાજકોટ

જસદણ તાલુકાના કમળાપુર ખાતે રૂ. ૧૮ લાખના ખર્ચે નિર્મિત ગ્રામ પંચાયત ઘરને ખુલ્લું મુકતા ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દરેક ગામમાં આધુનિક સુવિધા સભર ગ્રામ પંચાયત ઘરની સુવિધા પુરી પાડવા કાર્યરત છે.

ગ્રામ પંચાયતના દ્વારેથી ગામના વિકાસની સરવાણી સતત વહેતી રહે તેવી શુભેચ્છા પાઠવતા મંત્રીશ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત એ ગામની શોભા છે. અહીંથી ગામના આગેવાનો રાજ્ય સરકારની યોજનાઓ અને સવલતોનો લાભ ઘર-ઘર સુધી પહોંચાડે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રજુ કરેલ ડિજિટલ સેવા સેતુનો લાભ આધુનિક ગ્રામ પંચાયતના નિર્માણ થકી ગ્રામજનોને મળી શકશે તેમ શ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું. આ તકે મંત્રીશ્રીએ "નળ સે જળ યોજનાનો લાભ પરા વિસ્તારો સહિત તમામ લોકોને મળી રહે તે માટે વાસ્મોના અધિકારીઓને સવલત પુરી પાડવા જણાવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અને સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના ચેરમેન ડો. ભરતભાઈ બોઘરા ઉપસ્થિત રહ્યા હતાં. મૂળ કમળાપુરના વતની ભરતભાઈએ ગામના વિકાસની રૂપરેખા પાઠવી હતી. ગ્રામ પંચાયત ખાતે કમળાપુરના વિકાસાર્થે સૌ કોઈ સહિયારો પ્રયાસ કરે, તેમ તેઓએ ગ્રામજનોને જણાવ્યું હતું. આ તકે તેમણે કોરોના મહામારીમાં રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આરોગ્યલક્ષી પગલાંઓની સરાહના કરી હતી અને લોકોને સાવચેતી રાખવા ખાસ અપીલ કરી હતી. કમળાપુર ખાતે નિર્મિત પંચાયત ઘરમાં બે માળ છે, જેમાં બે ઓફિસ અને એક વિશાળ હોલ છે. કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક અને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ પંચાયત ઘરથી જનસુવિધામાં વધારો થશે તેમ ગામના સરપંચ શ્રી ધીરુભાઈ રામાણીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું. આ પ્રસંગે અગ્રણીઓશ્રી ધીરુભાઈ રામાણી, ખોડાભાઈ ખસિયા, વલ્લભભાઈ રામાણી, નીતાબેન મકવાણા, તાલુકા વિકાસ અધિકારીશ્રી સી.ડી. ભીમોરા, જસદણ માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એફ.બી.ડાંગર, તલાટી મંત્રીશ્રી આકાશગીરી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

પડધરીના ખોખરી ગામના યુવા ખેડૂતનો પ્રયોગ સફળ : અતિવૃષ્ટિ છતાં પ્રાકૃતિક ખેતીથી મગફળીનો ઉતારો વધ્યો

શિક્ષણના જીવ એવા શક્તિસિંહ જાડેજા પડધરી પંથકમાં રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને શિબિર કરી માર્ગદર્શન આપે છે

કમલમ દૈનિક, રાજકોટ

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોખરી ગામના યુવા ખેડૂત શક્તિસિંહ જાડેજાએ પ્રાકૃતિક ખેતી કરી રાસાયણિક દવા વાપરીને તૈયાર થયેલા મગફળીના પાકની સરખામણીમાં ચાલુ વર્ષે વિપરીત સ્થિતિ છતાં મગફળીના ઉતારાનું પ્રમાણ જાળવી રાખીને સફળતા મેળવી છે. આસપાસના વિસ્તારોમાં વિઘે ૬ થી૧૨ મણના ઉતારાની સામે શક્તિસિંહે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી અપનાવી વિઘે ૧૪થી ૧૫ મણનું ઉત્પાદન મેળવ્યું છે. ખોખરી ઘનશ્યામ ગઢ ગામના શક્તિસિંહ જાડેજા સુભાષ પાલેકર ખેતીના પ્રચારક તેમજ "આત્માના સભ્ય છે. આ વિસ્તારમાં રાસાયણિક દવાથી ખેતી થતી હોવાથી આ યુવાને ખેતી ખર્ચ ઘટાડવા અને સમાજને દવા વગરના ખેત ઉત્પાદનો મળે તે માટે અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા અભિયાન ઉપાડયું છે. ગયા વર્ષે પ્રાકૃતિક ખેતીથી શાકભાજી વાવી તેમણે રાજકોટમાં હોમ ડિલીવરી પણ કરી હતી. નાના-નાના ખેડૂતોને એકત્ર કરી ગ્રુપ બનાવી બધી જ વસ્તુઓ પ્રાકૃતિક ખેતીથી તૈયાર થાય અને ગ્રાહકોને શુદ્ધ શાકભાજી તેમજ અનાજ મળે અને ગ્રાહકોને સીધા વેચાણ થકી ખેડૂતોને ઓછા ખર્ચની સામે વધુ વળતર મળે તે માટે સામૂહિક પ્રવૃતિ કરવાનું તેમનું સપનું છે. પ્રાકૃતિક ખેતી અંગે વાત કરતાં શક્તિભાઈ જણાવે છે કે, રાજયપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.જેને લીધે ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી પ્રત્યે રસ દાખવતા થયા છે અને જોડાતા જાય છે . આ યુવાને ચાલુ વર્ષે દસ વીઘામાં પ્રાકૃતિક ખેતી કરી છે. ચાર ગાયો પણ રાખે છે અને નીમ રસાયણ તેમજ ગૌ મૂત્ર, ગોબર, છાશ, ચણાનો લોટ વગેરેમાંથી નિયત પદ્ધતિ મુજબ જીવામૃત-દવા પણ તેઓ જાતે જ બનાવે છે. સાથે ખેતીવાડી વિભાગ "આત્માહ્લહ્લના સંકલન હેઠળ બીજા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને ખાતર વિશે વિના મૂલ્યે માર્ગદર્શન માટે વર્ગ શિબિર અને કાર્યશાળા પણ યોજે છે.

પ્રાકૃતિક ખેતીમાં સરકાર દ્વારા કિટ સહાય આપવાની યોજના આવકારતાં તેમણે કહ્યું કે, મગફળીની સાથે એક વીઘામાં ગલગોટાના ફૂલનું પણ વાવેતર કરતાં તેની સારી અસર મગફળીના પાક ઉપર થઈ છે. મગફળીનો રંગ જ અલગ જોવા મળ્યો હતો અને પાકની વૈવિધ્યતાને કારણે જમીનની ફળદ્રુપતા પણ વધી છે. મગફળી ઉપરાંત તેઓએ બે વીઘામાં મરચીનું પણ વાવેતર કર્યું છે. મરચાનું અથાણું, પાઉડર તેમજ ઉત્પાદિત મગફળીનું તેલ ઘરે જ કાઢીને મૂલ્યવર્ધિત ખેતી કરવાની વાત તેમણે કરી છે. પરંપરાગત ખેતી છોડી, નવી દ્રષ્ટિ પારખી, સમયની માંગને ધ્યાને લઈને ખેતી કરવામાં આવે તો ફાયદો થાય છે તેમ જણાવી પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના સ્વાદ પણ કુદરતી રીતે અલગ જ આવે છે અને લોકો આવી વસ્તુ અપનાવશે જ તેમ શક્તિસિંહે જણાવ્યું હતું.

ભાજપા સહયોગી સંગઠનદ્વારા કોરોના વોરિયર્સ આસેડા ના હોસ્પિટલ સ્ટાફ નું સન્માન કરાયું

કમલમ દૈનિક,

ડીસા તાલુકા ના માં ભાજપા સહયોગી સંગઠન વિવિધ પ્રકાર ના લોક ઉપયોગીકાર્યો કરેછે અને સરકાર ની વિવિધ યોજના ઓ પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે અને અત્યારે કોરોના ને લઈ સરકાર ના મેડિકલ સ્ટાફે પોતાની જાન ની પરવા કર્યા વગર લોકોની સેવા કરી છે તેમાંનું આસેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એક છે જેમાં ના ર્દ્ધ ર્દ્ધજે જી ગૌસ્વામી મ.પ.હ.સુ.કે એસ પરમાર ફી.હે.સુ શ્રીમતી આર એચ ઠાકોર મ વ દે.વ. બી.કે રાઠોડ મ.વ.દે.વ. ડી એમ પરમાર ષ્ઠ ર્હ નિલેશ ભાઈ મહેરિયા ફાર્મસીસ્ટ નિલેશભાઈ કચ્છવા લેબ ટેક હેમાંગી રાઠોડ સ્ટાફ કિરણ જોશી કોમ્પ્યુટર ઓ યોગેશ મહેશુરિયા નું ફૂલ અને શર્ટિફિકેટ આપીને સન્માન કરવા માં આવ્યું હતું આ સન્માન બદલ ડો ગૌસ્વામી એ જણાવ્યું હતું કે આવી મહામારી સમયે સામાજિક સંસ્થા ઓ અમારું મનોબળ વધારે છે અને અમારો ઉત્સાહ સેવા કરવા પ્રેરાય છે તેઓ એ સંસ્થા અને પત્રકાર મિત્રો નો આભાર માન્યો હતો ભાજપ સહયોગી સંગઠન ના પ્રમુખ સુમાનસિંહ ઠાકોર ભરતજી એ ઠાકર કીર્તિ ભાઈ કચ્છવા વસંતી બેન કે ઠાકોર સુરેશભાઈ બી ઠાકોર લાલશીંગ દરબાર રણજિતજી એમ ઠાકોર પિંકી બેન ઠાકોર વાલજી ભાઈ ડોકટર એ અને સંસ્થા ના અન્ય કાર્યકરો દ્વારા સન્માન રાખવા માં આવ્યું હતું.

સાચું પોષણ એ દેશના દરેક વ્યક્તિનો અધિકાર છે, જેના માટે મોદી સરકાર રાત-દિવસ પ્રયત્નશીલ છે.

મોદી સરકાર કૃષિ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા તેમજ દેશને પોષણ સુરક્ષા પૂરી પાડવા તરફ આગળ વધી રહી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ખેડુતોને ૮ પાકના વિવિધ ૧૭ નવા બીજ સમર્પિત કરવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરનો આભાર માન્યો હતો.

આ પાક ભારતને સુપોષિત કરી 'ગ્રીન રિવોલ્યુશન' થી 'સદાબહાર ક્રાંતિ' તરફ લઈ જશે, આ નવા પાકમાં પોષક મૂલ્યનો ત્રણ ગણો વધારો થશે જે સામાન્ય થાળીને પોષણયુક્ત તત્વોમાં ફેરવશે.

કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ટ્વિટ કરી કહ્યું કે, કૃષિ ક્ષેત્ર માટે આજનો દિવસ ઐતિહાસિક છે. હું શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી એન.એસ.તોમરનો આઠ પાકના વિવિધ ૧૭ નવા બિયારણ ખેડૂતોને સમર્પિત કરવા બદલ આભાર માનું છું. આ પાકની ખેતી ભારતને સુપોષિત કરી 'ગ્રીન રિવોલ્યુશન' થી 'સદાબહાર ક્રાંતિ' તરફ લઈ જશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, મોદી સરકાર કૃષિ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા તેમજ દેશને પોષણ સુરક્ષા પૂરી પાડવા તરફ આગળ વધી રહી છે. આ નવા પાકનું પોષણ મૂલ્ય ત્રણ ગણુ વધારે હશે, જે સામાન્ય થાળીને પોષક તત્વોમાં ફેરવશે જે પ્રોટીન, કેલ્શિયમ અને આયર્ન જેવા આવશ્યક પોષણથી ભરપૂર હશે. શ્રી અમિત શાહે કહ્યું કે, યોગ્ય પોષણ એ દેશના દરેક વ્યક્તિનો અધિકાર છે, જેના માટે મોદી સરકાર રાત-દિવસ પ્રયત્નશીલ છે. શ્રી નરેન્દ્ર મોદીના આ સ્વપ્નદ્રષ્ટા નિર્ણયોથી અત્યંત ગરીબ વર્ગને યોગ્ય પોષણ તો પહોંચશે જ સાથે તેનાથી આપણા ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.

શ્રી નરેન્દ્ર મોદીના આ સ્વપ્નદ્રષ્ટા નિર્ણયોથી અત્યંત ગરીબ વર્ગને યોગ્ય પોષણ તો પહોંચશે જ સાથે તેનાથી આપણા ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.

રાજકોટ જિલ્લાના છેવાડાના વિંછીયા ખાતે "રૂર્બન યોજના" અન્વયે સર્વાંગી વિકાસના થયેલા પગરણ

કમલમ દૈનિક,

"જયાં માનવી ત્યાં વિકાસ" ના મંત્રને વરેલી રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય કક્ષા સુધી આધુનિક માળખાગત સુવિધા વડે તાલુકા, જિલ્લા અને રાજયના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે. જે પૈકીની એક મહત્વાકાંક્ષી યોજના એટલે "રૂર્બન યોજના".

આ યોજના અન્વયે તાલુકા કક્ષાના ગામમાં શહેર કક્ષામાં ઉપલબ્ધ એવી તમામ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. રાજકોટના છેવાડાના વિંછીયા ખાતે રૂર્બન યોજના હેઠળ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના દ્વારા રૂ. ૨૫૨૧.૯૧ લાખના ખર્ચે "વિંછીયા ભુગર્ભ ગટર યોજના" ની કામગીરી હાથ ધરાઈ છે. આ ભુગર્ભ ગટર યોજનાની કામગીરી ૨ વર્ષની સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે કોન્ટ્રાકટરને સૂચના આપવામાં આવી છે. આ કામગીરીમાં સીવર કલેકટીંગ સિસ્ટમ, પર્મ્પીંગ સ્ટેશન, હાઉસ કનેકશન ચેમ્બર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમજ આ યોજના હેઠળ ચાર વર્ષ માટે તેના મરામત અને નિભાવણી કામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે તેમ પાણી પુરવઠા બોર્ડના વિંછીયા ખાતેના ના.કા.ઈ.શ્રી સંદિપ જોશીએ જણાવ્યું હતું. ૨ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરૂ કરવામાં આવેલું ભુગર્ભ ગટર યોજનાનું કામ લોકડાઉનના કારણે બંધ હતું તે ફરીથી શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં એજન્સી દ્વારા ભુગર્ભ ગટરની ૪૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ કામ માટે નિશ્ચિત કરેલી સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ થઈ જાય તેવા આયોજન સાથે કામ થઈ રહ્યું છે. આ યોજના પૈકી ૩.૦૦ એમ.એલ.ડી ક્ષમતાના એસ.ટી.પી.ની કામગીરીનું ટેન્ડર મંજુર કરવામાં આવ્યું છે, જેની કામગીરી ૧૫ માસના સમયગાળા દરમિયાન પૂર્ણ કરાશે. લોકડાઉનના કારણે આ કામગીરી શરૂ થઈ શકી નહોતી પરંતુ ટુંક સમયમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે. આમ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેરશ્રી હરેશ ડી. જોધાણીના માર્ગદર્શન હેઠળ છેવાડાના એવા વિંછીયા ખાતે આ યોજના અન્વયે વિકાસના મકકમ પગરણ થઈ ચુકયા છે. આગામી દિવસોમાં વિંછીયાની કાયાપલટ કરવા માટે અનેક કામો થનાર છે.

શંખેશ્વર તાલુકા ના જેસડાં ગામે ખેડૂતો સાથે એક દિવસીય સેમિનાર યોજાયો

સરદાર સરોવર નર્મદા નિગમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સમોડા નાબાર્ડ અને રીલાયન્સ ફાઉન્ડેશન ના સયુંક્ત ઉપક્રમે કાર્યક્રમ નું આયોજન

કમલમ દૈનિક,

શંખેશ્વર તાલુકા ના જેસડા ગામ માં આવેલ આશ્રમ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ચણા ના પાક ને ધ્યાન માં રાખી ને વાવણી થી વેચાણ સુધી ની વિગતવાર માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમ ની શરૂઆત કરતા રીલાયન્સ ફાઉન્ડેશન ના ટીમ લીડર નિરપતસિંહ કિરાર દ્વારા કાર્યક્રમ નો હેતુ તેમજ સંસ્થાઓ ના સંકલન થી તેલિયાક્ષાર પાઈલોટ પ્રોજેક્ટ ની સફળતા અને સર્વગ્રાહી કૃષિ વિકાસ બાબતે ખેડૂતો ની જાગૃતતા બાબતે સમજણ આપેલ ત્યાર બાદ કે.વી.કે સમોડા ના ડો.ગુણવંતભાઈ પટેલ દ્વારા બીજ માવજત આઈ.પી.એમ અને પાક ને બીમારીઓ થી બચાવવા માટે ના ઘરગથ્થું ઉપાયો સાથે ઓર્ગેનિક ખેતી કરી વધુ આવક કેમ મેળવવું તે બાબતે વિગતવાર માર્ગદર્શન આપેલ ત્યાર બાદ કે.વી.કે સમોડા ના ડ્રો.સચીનભાઈ દરજી સાહેબ દ્વારા ઓર્ગેનિક ખેતી માં ધ્યાન રાખવા જેવી બાબતો બાગાયતી ખેતી પાક ને જરૂરી ખોરાક અને તેની માત્રા બેક્ટેરિયા અને ફૂગ ની કાર્ય પ્રણાલી અને તેમના દ્વારા થતા રોગ અને તેના ઉપાયો ની વિગતવાર માહિતી આપી ત્યાર બાદ વઢિયાર કિસાન પ્રોડ્યુસર કંપની ના ચેરમેન દક્ષુભાઈ નાડોદા દ્વારા ખેડૂત કંપની ની જરૂરિયાત તેના ફાયદા ખેડૂત સંગઠન ના લાભો અને છેલ્લા બે વર્ષ માં કરેલી પ્રગતિ વિશે માહિતી આપતા જણાવેલ કે ચાલુ વર્ષ માં શંખેશ્વર ના ખેડૂતો ને ચણા ના વેચાણ માટે સમી કે હારીજ ની માર્કેટ માં લાઈન માં ના ઉભુ રહેવું પડે અને સમય અને ખર્ચ ની બચત થાય એ માટે સરકાર ની એમ.એસ.પી માં ટેકા ના ભાવે ચણા ના ખરીદી નું સેન્ટર ચાલુ કરવામાં આવ્યું જેમાં ૨૮૨૦ ખેડૂતો અને ૯.૧૬ કરોડ ની ખરીદી કરી આપણા વિસ્તાર ના વિકાસ માટે ખુબજ મોટી કામગીરી કરેલ તેમજ કંપની દ્વારા ખેડૂતો ના વિકાસ ની વિગતવાર સમજણ આપતા કંપની નું ભાવી આયોજન જેમાં સિડ પ્રોસેસિંગ યુનિટ અને ગોડાઉન તેમજ વઢિયાર ના ચણા ને પ્રોસેસ કરી તેમાંથી ઘણી પ્રોડક્ટ બનાવી તેને બ્રાન્ડ બનાવી માર્કેટ માં ઉતરાવીઅને ચણાની દાળ બનાવવા માટે દાળ મિલ નું ભાવી આયોજન છે તેવી માહિતી આપી હતી ત્યાર બાદ સરદાર સરોવર નર્મદા નિગમ પાટણ જિલ્લા ના સર્વદમન જોશી સાહેબ દ્વારા તેલીયાક્ષાર કાર્યક્રમ બાબતે વિગતવાર માહિતી આપતા ખેડૂતો ને જાગૃત થવાની જરૂરીયાત ઉપર ભાર મુકતા જણાવેલ કે વઢિયાર વિસ્તાર ના વિકાસ માટે કાર્યરત ખેડૂત કંપની વાઢીયાર રીલાયન્સ ફાઉન્ડેશન કે.વી.કે સમોડા તેમજ નાબાર્ડ ની યોજના સહભાગી બનવા સાથે સાથ સહકાર આપી તેમના દ્વારા આયોજિત મિટિંગ તાલીમો માં સહભાગી બનવું જોઈએ તેમજ તાલુકા અને જિલ્લા માં કાર્યરત મનરેગા આત્મા ખેતીવાડી બીજ નિગમ જેવી સરકારી એજન્સી ની યોજનાઓ નો ભરપુર લાભ મેળવી આપણો વિકાસ આપણે ખુદ કરવો પડશે. ત્યાર બાદ નાબાર્ડ ના પાટણ જિલ્લા ના મુખ્ય અધિકારી વર્મા સાહેબ દ્વારા આ વિસ્તાર ના વિકાસ માટે કાર્યરત ખેડૂત સંગઠનો ને નાબાર્ડ ની યોજનાઓ ના માધ્યમ થી જરૂરી તમામ મદદ કરવા આશ્વાસન આપેલ તેમજ સ્થાની પાકો ની વેલ્યુ એડિસન કરી તેમની બ્રાન્ડ બનાવી દેશમાં નામ રોશન કરવા ની ક્ષમતાં ને જાગૃત કરવા માહિતી તેમજ માર્ગદર્શન આપેલ કાર્યક્રમ ને પૂર્ણાહુતિ તરફ લઈ જતા રીલાયન્સ ફાઉન્ડેશન ના પ્રોજેક્ટ મેનેજર જયરામભાઈ દેસાઈ દ્વારા માહિતી આપવામાં આવેલા કે રીલાયન્સ ફાઉન્ડેશન અને અહીંયા હજાર અન્ય એજન્સી ઓ દ્વારા આ વિસ્તાર ના વિકાસ માટે સયુંકત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જેમાં દ્વીપ માં ખેડૂતો ને મદદ હોલિયા ની યોજના બાગાયત ના સહાયતા સાથે માહિતી અને માર્ગદર્શન તેમજ ખેતી ને લગતા વિવિધ પ્રકાર ના ડેમો ની કામગીરી ચાલુ છે જેમાં લાભ લેવા વિનંતી કરીહતી કરક્રમ ને પૂર્ણ જાહેર કરતા રીલાયન્સ ફાઉન્ડેશન ને વ્રજલાલ રાજગોર દ્વારા આજના કાર્યક્રમ માં હાજર રણોદ જેસડાં ખીજડિયારી ઈસ્લામપુરા લોટેશ્વર ઋણી મેમણાં ગામ ના સાત ગામ ના ૫૦ જેટલા ખેડૂતોઅને ૧૦ જેટલા અધિકારીઓ નો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરેલ.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028